અપીલ અરજી નં.૨૭૪ તા.૩–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી સોમાકાનજીની વાડી ખટોદરા ખાતે આવેલ ટી.પી. ૭ એફ.પી.૩૪૪ પૈકી તથા ટી.પી.૬ સી.સર્વે નોંધ નં.૪૩૩ પૈકી વાળી મિલ્કત (૧)સદર સ્થળે ઉભી કરવામાં આવેલ બંન્ને મિલ્કતોના ગેરકાયદે ભાગનું ડીમોલેશન આપના વિભાગ તરફથી તા.૨–૭–૧૦ ના રોજ કરવામાં આવ્યું હતું પરંતુ તેના થોડાક સમયબાદ આ બન્ને મિલ્કતોના ડીમોલેશન કરેલ ભાગનું ફરીથી બાંધકામ મિલ્કતધારક ધ્વારા કરવામાં આવેલ છે. તો આ બાંધકામ કરવા અંગેની પરમીશન મિલ્કતધારકને આપના વિભાગે આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ સહિતની વિગત આપશો અને જો આપવામાં આવી ના હોય તો બિના પરમીશને ડીમોલેશન કરેલ ભાગનું ફરીથી બાંધકામ કરનાર મિલ્કતધારક તથા મિલ્કત વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી વિ.મુદ્દા નં.૧ થીર ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૪/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી સોમાકાનજીની વાડી ખટોદરા ખાતે આવેલ ટી.પી. ૭ એફ.પી.૩૪૪ પૈકી તથા ટી.પી.૬ સી.સર્વે નોંધ નં.૪૩૩ પૈકી વાળી મિલ્કત (૧)સદર સ્થળે ઉભી કરવામાં આવેલ બંન્ને મિલ્કતોના ગેરકાયદે ભાગનું ડીમોલેશન આપના વિભાગ તરફથી તા.૨–૭–૧૦ ના રોજ કરવામાં આવ્યું હતું પરંતુ તેના થોડાક સમયબાદ આ બન્ને મિલ્કતોના ડીમોલીશન કરેલ ભાગનું ફરીથી બાંધકામ મિલ્કતધારક ધ્વારા કરવામાં આવેલ છે. તો આ બાંધકામ કરવા અંગેની પરમીશન મિલ્કતધારકને આપના વિભાગે આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ સહિતની વિગત આપશો અને જો આપવામાં આવી ના હોય તો બિના પરમીશને ડીમોલેશન કરેલ ભાગનું ફરીથી બાંધકામ કરનાર મિલ્કતધારક તથા મિલ્કત વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી વિ.મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૪ તા.૭–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૧૪ તા.૨૧–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઝોન/ટેક./૫૮૪ તા.૨૭–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧)સદર સ્થળે ઉભી કરવામાં આવેલ બંન્ને મિલ્કતોના ગેરકાયદે ભાગનું ડીમોલેશન આપના વિભાગ તરફથી તા.૨–૭–૧૦ ના રોજ કરવામાં આવ્યું હતું પરંતુ તેના થોડાક સમયબાદ આ બન્ને મિલ્કતોના ડીમોલેશન કરેલ ભાગનું ફરીથી બાંધકામ મિલ્કતધારક ધ્વારા કરવામાં આવેલ છે. તો આ બાંધકામ કરવા અંગેની પરમીશન મિલ્કતધારકને આપના વિભાગે આપેલ છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ સહિતની વિગત આપશો અને જો આપવામાં આવી ના હોય તો બિના પરમીશને ડીમોલીશન કરેલ ભાગનું ફરીથી બાંધકામ કરનાર મિલ્કતધારક તથા મિલ્કત વિરૂધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત. મુદ્દા નં.૨ ઉપરોકત બંને બાંધકામના ડીમોલીશનના વહીવટી ચાર્જ પેટે આપના વિભાગે દોઢ દોઢ લાખ રૂપિયા લીધા છે તો આ રકમ ચેકથી લીધેલ છે કે રોકડેથી તેની વિગતો આપશો. ચેકથી લીધા હોય તો કઈ તારીખે અને કઈ બેંકનો હતો તેની વિગત તથા આ ચેક આપના ખાતામાં કઈ તારીખે અને કેટલી રકમ જમા થઈ તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઝોન/ટેક./૫૮૪ તા.૨૭–૧૧–૧૦ થી અરજદારને માહિતી આપેલ છે જેમાં મુદ્દા નં.૧ (૧) ના પ્રશ્ન ગેરકાયદેસર ભાગનું ડીમોલીશન આપના વિભાગ તરફથી તા.૨–૭–૧૦ ના રોજ કરવામાં આવ્યું હતું. તેવા પ્રશ્ન બાબતે પ્રશ્નવાળી મિલ્કત પૈકી ઉધનાઝોન તરફથી તા.૨–૭–૧૦ ના રોજ ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ. (૨) પરંતુ તેના થોડા સમય બાદ આ બંને મિલ્કતોના ડીમોલીશન કરેલા ભાગનું ફરીથી બાંધકામ મિલ્કતધારક ધ્વારા કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે ડીમોલીશન બાદ પ્રશ્નવાળી મિલ્કત માટે બાંધકામ અંગેની વિગત ઉધનાઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. (૩) આ બાંધકામ કરવા અંગેની પરમીશન આપના વિભાગે આપી છે કે કેમ? જો આપી હોય તો તેની નકલ સહિતની વિગતો આપશો અને જો આપવામાં આવી ન હોય તો વિના પરમીશન

ડીમોલીશન કરેલ ભાગનું ફરીથી બાંધકામ  કરનાર મિલકતધારક તથા મિલ્કત વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતની માહિતિ આપશો. તેવા પ્રશ્ન બાબતે  સદરહુ મિલ્કતોને બાંધકામ અંગેની પરમીશન  અત્રેથી આપવામાં આવેલ નથી.   બાકીની અન્ય વિગતો પેટા મુદ્દા નં.ર માં જણાવેલ છે. મુદ્દા નં.ર ઉપરોકત બંને બાંધકામના ડીમોલીશનના વહીવટી ચાર્જ પેટે આપના વિભાગે દોઢ દોઢ લાખ રૂપિયા લીધા છે તો આ રકમ ચેકથી લીધેલ છે કે રોકડેથી તેની વિગતો આપશો.  ચેકથી લીધા હોય તો  કઈ તારીખે અને કઈ બેંકનો હતો  તેની વિગત  તથા  આ ચેક આપના ખાતામાં કઈ તારીખે  અને કેટલી રકમ  જમા થઈ  તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી  સદરહુ મિલ્કતધારકો પાસેથી ગેરકાયદેસર બાંધકામના ડીમોલીશન પેટે રૂા.૧,૫૦,૦૦૦/–       અનુક્રમે રસીદ નં. ૪૯૪૨૦૩ તથા રસીદ નં.૪૯૪૨૦૬  ચેક નં.૦૦૦૦૦૩/બી.ઓ.બી. તથા ચેક નં.૦૦૦૦૧૫ બેંક ઓફ બરોડાથી આપવામાં આવેલ.  સદર  રસીદની નકલો  માટે રૂા.૪ ભર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે.  આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી  માંગેલ માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય  અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. રસીદની નકલો અરજદાર જાહેર માહિતી અધિકારીએ  નિર્દિષ્ટ  રકમ ભરપાઈ  કરીને મેળવી લેવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ...જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,